જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૭/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૯૨/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૮૪૫ | ૧૨ | ૯૮૫૭ | ૧૫૯૦૧ | ૧૨ | ૧૫૯૧૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૮૫ | ૦ | ૪૨૮૫ | ૫૮૦૧ | ૦ | ૫૮૦૧ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૧૦૧ | ૧૭૪ | ૧૨૨૭૫ | ૧૨૫૯૯ | ૧૭૪ | ૧૨૭૭૩ |
| કુલ | | ૨૬૨૭૪ | ૧૮૬ | ૨૬૪૬૦ | ૩૪૫૦૪ | ૧૮૬ | ૩૪૬૯૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૯ | ૯,૫૧,૦૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૪33 | ૮,૮૬,૬00/- |

# આરોપીની અટકાયતની વિગત

## મણીનગર પોલીસ સ્ટેશન :-

## મૃત ભ્રુણ બાળક નાખી નાસી જઈ ગુનો કરેલ હોય

મે.પોલીસ કમિશ્નરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે 'ડીવીજન નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. એસ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.એસ.એસ.ગોસ્વામી તથા સાથેના સ્ટાફના માણસો હે.કો.વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮033 તથા હે.કો.સાજીદખાન હાજીનજીમખાન બ.નં.૪૦૧૨ તથા પો.કો.રામજીભાઇ જાગાભાઇ બ.નં.૯૯૦૯ તથા પો.કો.અશોકભાઇ પ્રેમજીભાઇ બ.નં.૪૯૭3 તથા પો.કો. અર્જુનસિંહ ભાવસિંહ બ.નં.૯૯૯૬ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ બ.નં-૧૩૦૬ તથા એલ.આર.મનિષભાઇ દેવજીભાઇ બ.નં.૯૩૧ તથા એલ આર દશરથસિંહ કનકસિંહ બ.નં-૧૧૦૨ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૨૨૦૦૪૬૬/૨૦૨૦ ધી ઈપીકો કલમ ૩૧૮ મુજબના કામે આવકાર હોલ રાજદીપ હીરો સર્વીસ સેંટરની સામે જાહેર રોડની ઉપર કોઈ અજાણી વ્યક્તી પોતાનુ પાપ છુપાવવાના ઈરાદે એક મૃત ભ્રુણ બાળક નાખી નાસી જઈ ગુનો કરેલ હોય જે ગુનાની તપાસમા સર્વેલંસ સ્ટાફના પો.કો.રામજીભાઇ જાગાભાઇ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ તથા એલ આર દશરથસિંહ કનકસિંહનાઓને બાતમી મળેલ કે એક હ્યુંડાઈ સેંટ્રો સફેદ કલરની ફોર વ્હીલર કાર નં જીજે ૨૭ સી.એમ ૩૪૧૭ જે લઇ પસાર થવાનો છે જેમા બેસેલ વ્યક્તીએ ભ્રુણ ફેકેલ છે જે માહિતી આધારે વોચમા હતા તે દરમ્યાન સદરહુ કાર જણાઇ આવતા કારને રોકીને તેના ચાલકને નીચે ઉતારી નામઠામ પુછતા પોતાનું નામ ડો.ચેતન કાંતીલાલ શાહ ઉ.વ.૫૯ ધંધો ડોકટર રહે મ.નં.૧ આનંદ એપારમેંટ જગાભાઇ પાર્ક રામબગ મણીનગર અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ જેની વધુ પુછપરછ કરતા જેઓ વટવા જી.આઇ,ડી.સી કેડીલા ક્રોસીંગ પાસે "કેવલ મેડીકેર સેંટર" નામની હોસ્પીટલ છેલ્લા ૨૯ વર્ષથી ચલાવે છે અને જેઓ એમ.બી.બી.એસ.ની ડીગરી ધરાવે છે ગઇ તા-૦૬/૦૭/૨૦૨૦ ના રોજ એક સગીર વયની છોકરીને ચારપાંચ મહિનાના ગર્ભ રહી જતા તેને પોતાના દવાખાને ડીલેવરી કરાવી તેની ફી પેટે તેઓએ રૂ-૧૫૦૦૦/-લીધેલા અને પેસન્ટને રજા આપી ઘરે રવાના કરેલ બાદમા આ ડોકટરે બાળકને વેસ્ટની કોથળીમા મુકી ખોખામા પેક કરી રાત્રે પોતે પોતાના ઘરે મણીનગર ખાતે આવતા પોતાની સેંટ્રો ગાડીમા રસ્તામા આવકાર હોલ પાસે એક કચરાનો ઢગલો દેખાતા ત્યા કોઇ જોવે નહી તે રીતે ફેકી દિધેલ જે ગુનાની કબુલાત કરતા તેઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

આ ગુનાની તપાસ દરમ્યાન ભોગ બનનાર સગીર વયની છોકરી ઉ.વ.૧૫ રહે જશોદાનગરનાઓ ને સુનીલ રમેશભાઇ સરગરા ઉ.વ.૧૯ રહે દાણીલીમડા સંતોષનગર હનુમાનજીની ચાલી બહેરામપુરા અમદાવાદ શહેરનાઓ સાથે છેલ્લા એક વર્ષથી પ્રેમસબંધ હોય જે છોકરાએ ભોગબનનારને અલગ અલગ જગ્યાએ ફરવા લઇ જઇ અડપલા કરી તથા અલગ અલગ હોટલમા લઇ જઇ તેની સાથે શારીરીક સબંધ બાંધેલ હોય જેથી સુનીલના વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ ૩૭૬ (૨)(એન),૩૭૬ (૩) તથા પોસ્કો કલમ ૬,૧૦,૧૨ મુજબ અલગથી ગુનો દાખલ કરવામા આવેલ છે જેની તપાસ હાલમા ચાલુ છે



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નર "આઈ" ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા આપેલ સુચના આધારે સર્વેલન્સના સ્કોર્ડના નીચે જણાવેલ સ્ટાફ મારફતે ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૦૩/૧૯ ઇ.પી.કો કલમ ૩૯૪,૩૯૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે નાસતા ફરતા નીચે જણાવેલ આરોપીને તા-૧૬/૦૭/૨૦ ના ક.૨૦/૩૫ વાગે ઓઢવ સિંગરવા પશુપતિનાથ મંદિર પાસેથી બાતમી હકીકત આધારે પકડાઇ જતા કાયદેસરની કાર્યવાહી કરી નાસતા ફરતા આરોપીને પકડી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા-૧૬/૦૭/૨૦૨૦.

→ આરોપીનુ નામ:

રાજેન્દ્ર ઉર્ફે નાગીન રામનરેશ વર્મા, ઉ.વ.૨૭, રહે: ભગવતીનગરના છાપરા, પશુપતિનાથ મંદિરની પાછળ, સિંગરવા, ઓઢવ, અ'વાદ શહેર મુળવતન-ગામ-સરેની, થાના-સરેની, તા.જી-લાલગંજ, યુ.પી

→ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા, અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪, લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨, લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧, લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨

→ બાતમી આપનાર અધિકારી/કર્મચારી:

લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ તથા લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ

# આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## ખુન ખુનની કોશિષ તેમજ રાયોટ તેમજ ગેરકાયદેસર હથિયાર રાખવા તેમજ મની લેન્ડર એક્ટ જેવા ગંભીર ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવુતિ આચરતા ઇસમને પાસા અટકાયત હેઠળ સુરત જેલ મોકલતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેર ના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) મણિનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૭૦/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ તથા (૨) ખોખરા પો.સ્ટે. પાર્ટ -એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૩૨૦૦૧૫/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૫, ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા મની લેન્ડર્સ એક્ટ ૨૦૧૧ ની કલમ ૪૦,૪૨ મુજબ તથા (૩) નારોલ પો.સ્ટે. પાર્ટ-બી.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૫૩૨ ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામના આરોપી આરોપી :- રાહુલ બ્રીજમોહન ચૌહાણ ઉ.વ. ૨૮ મ.નં. ૩૪ ઉત્તમનગર સોસાયટી શિવાલોક હોસ્પિટલની બાજુમાં, વિરાટ્નગર નિકોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ - ઉરેગા તા. ભરથાના જી. ઇટાવા થાના - ફતેવર ઉત્તરપ્રદેશ  નાઓની મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૯૦/૨૦૨૦ તા. ૧૭/૦૭/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહની કામગીરી કરેલ છે. તા.૧૮/૦૭/૨૦૨૦.

## ➢ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

❖ એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અપો.કો. દીપેનકુમાર મનુભાઇ

❖ બ.નં. તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



## જુગારના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## વાપીના વેપારીની ઓફિસમાં લૂંટ કરી તેમનું અપહરણ કરી કરોડો રૂપિયાની ખંડણી વસુલ કરવા જઇ રહેલ ધાડપાડુ ગેંગને ગેરકાયદેસર હથિયારો સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ”

ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બની રહેલ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તથા આવા બનતા ગુનાઓ અટકાવવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સૂચના કરેલ હતી જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.વાય.બલોચ નાઓની આગેવાની હેઠળ પોલીસ સબ ઇન્સ્પેકટર કે.એમ.બેરીયા તથા સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી આવા ગુનાઓ શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સારૂ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

તા.17/7/2020 ના રોજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.વાય.બલોચ પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી કે.એમ.બેરીયા તથા સ્કોડના માણસો ક્રાઇમ બ્રાન્ચની કચેરી ખાતે હાજર હતા દરમ્યાન સ્કોડના માણસથી બાતમી હકીકત મળેલ કે “ આરીફ શેખ રહે.સરખેજ નાએ વાપીના અલ્તાફ મંસુરી સાથે મળી વાપીના એક વેપારીની ઓફિસમાં લૂંટ કરવાનો તથા વેપારીનું અપહરણ કરી કરોડો રૂપિયાની ખંડણી વસુલ કરવાનો પ્લાન બનાવેલ છે અને તે પ્લાન મુજબ આરીફ શેખ તથા તેના સાગરીતો એસેન્ટ કાર નંબર જીજે-01-એચબી-5351 તથા સેવરોલેટ કાર નંબર જીજે-01-એચકે-8921 માં હથિયારો સાથે રીંગરોડ બાલાજી અગોરા મોલની આગળ ગરનાળા પાસેથી વાપીમાં લૂંટ તથા અપહરણ કરવાના ઇરાદે જનાર છે.” તે મતલબની બાતમી હકીકત આધારે રેઇડનું આયોજન કરી પંચો સાથે બાલાજી અગોરા મોલ નજીક ગરનાળા ખાતે જઇ અલગ અલગ ટીમો બનાવી વોચ તપાસ હાથ ધરવામાં આવેલ તે દરમ્યાન ઉપરોકત બન્ને કારો રીંગ રોડ ઉપરથી પસાર થતી જણાતા કોર્ડન કરી રોકી લેવામાં આવેલ જે કારોમાંથી નીચે મુજબના નામવાળા ઇસમો મળી આવેલ.

(1) આરીફ શાબીરભાઇ શેખ ઉવ.29 રહે.ઘર નંબર 2 સોહિલ ડુપ્લેક્ષ સાવન પાર્ટી પ્લોટ પાછળ સરખેજ રોડ અમદાવાદ શહેર

(2) મહમંદજાવેદ સલીમભાઇ બાંધણીવાલા ઉવ.41 રહે.ઘર નંબર 4405 પીપળાવાસ સમીર ફ્લેટની સામે ગોળલીમડા જમાલપુર અમદાવાદ શહેર

(3) રાજેશ ઉર્ફે રાજુ મહેશભાઇ દરબાભાઇ રાઠોડ ઉવ.24 રહે.છારાનગર દિગ્વિજય સિમેન્ટ ફેકટરીની બાજુમાં કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર

(4) વિક્કી જશુભાઇ જાડેજા ઉવ.26 રહે.છારાનગર દિગ્વિજય સિમેન્ટ ફેકટરીની બાજુમાં કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર

(5) મહમંદફૈઝાન ઉર્ફે મૌલાના મહમંદહનિફ મેમણ ઉવ.29 રહે.4 શક્તિ સોસાયટી ગેટ નંબર -3 દાણીલીમડા ચાર રસ્તા બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડની સામે દાણીલીમડા અમદાવાદ

મળી આવેલ ઇસમોની તથા તેમના કબ્જાની કારોની ઝડતી તપાસ કરતા તેમની પાસેથી (1) દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગ -1 કિ.રૂ.50,000/- (2) જીવતા કારતૂસ નંગ -5 કિ.રૂ.500/- (3) મોબાઇલ ફોન નંગ-6 કિ.રૂ.55,500/- (4) છરા નંગ -2 કિ.રૂ.500/- (5) અંગઝડતીના નાંણા રૂપિયા 12,000/- (6) ટોલટેક્ષની પહોંચ નંગ-9 કિ.રૂ.00/- (7) એસેન્ટ કાર કિ.રૂ.60,000/- (8) સેવરોલેટ કાર કિ.રૂ.1,50,000/- મળી કુલ્લે કિ.રૂ.3,28,500/- નો મુદ્દામાલ મળી આવતા કબ્જે કરવામાં આવેલ છે.

આ કામે મળી આવેલ ઇસમોની અલગ અલગ વારાફરતી પૂછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમારે રૂપિયાની ખૂબ જરૂર હોય જેથી વાપીમાં રહેતા મહમંદઅલ્તાફ અજીજભાઇ મંસુરી રહે.સમીર પેલેસ ઇમરાનનગર વાપી નાએ ટીપ આપેલ કે " પોતે જે જગ્યાએ કામ કરે છે તે સઇદભાઇ શેખ નામના વેપારી કે જેઓ વેપાર તેમજ કન્સ્ટ્રકશનનું કામ કરે છે તેમની પાસે 50 કરોડ રોકડ રૂપિયા છે તે પોતાની ઓફિસમાં પણ મોટી રોકડ રકમ રાખેલ છે જેથી સઇદભાઇ શેખની ઓફિસમાં લૂંટ કરી તેમનું અપહરણ કરી મોટી રકમની ખંડણી વસુલ કરવાનો પ્લાન બનાવી વાપીમાં જઇ વેપારી સઇદભાઇ શેખના ઘરની તથા ઓફિસની રેકી કરી આવી પિસ્ટલ, છરા જેવા હથિયારો ભેગા કરી પાંચેય જણા આજરોજ વાપી સઇદભાઇની ઓફિસમાં લૂંટ કરવા તેમજ તેમનું અપહરણ કરવા જઇ રહેલ હતા તે દરમ્યાન રસ્તામાં પકડી પાડેલ હોવાની હકીકત જણાવેલ " હોય જેથી સદરી તમામ ઇસમો વિરૂધ્ધ ઇ.પી.કો કલમ 399, 402, 120 (બી) તથા આર્મ્સ એકટ કલમ 25(1-બી)એ તથા જી.પી.એકટ કલમ 135 મુજબનો ગુનો તા.17/7/2020 ના કલાક 22/00 વાગ્યે શોધી કાઢી  દાખલ કરવામાં આવેલ છે.

આ કામના આરોપીઓની વિશેષ પૂછપરછ કરતા જાણવા મળેલ કે પકડાયેલ આરોપીઓ પૈકી (1) આરીફ શાબીરભાઇ શેખ (2) મહમંદફૈઝાન ઉર્ફે મૌલાના મહમંદહનિફ મેમણ નાઓ એકાદ માસ પહેલા મુંબઇ ગયેલ હતા અને મુંબઇના જોગેશ્વરી વિસ્તારની હોટલોમાં રોકાયેલ જે દરમ્યાન વાપીના મહમંદઅલ્તાફ મંસુરીને મુંબઇના જોગેશ્વરી વિસ્તારની હોટલમાં બોલાવેલ હતો તે વખતે મહમંદઅલ્તાફ મંસુરીએ ટીપ આપેલ કે પોતે જે જગ્યાએ કામ કરે છે તે સઇદભાઇ શેખ નામના વેપારી કે જેઓ વેપાર તેમજ કન્સ્ટ્રકશનનું કામ કરે છે તેમની પાસે 50 કરોડ રોકડ રૂપિયા છે તે પોતાની ઓફિસમાં પણ મોટી રોકડ રકમ રાખેલ છે જેથી સઇદભાઇની ઓફિસમાં લૂંટ કરી તેમનું અપહરણ કરી ખંડણી માંગવામાં આવે તો કરોડો રૂપિયા મળે તેમ છે તેવી ટીપ આપેલ જેથી લૂંટ તથા અપહરણ કરવાનો પ્લાન બનાવેલ હતો

વાપીમાં વેપારી સઇદભાઇ શેખની ઓફિસમાં લૂંટ તથા તેમનું અપહરણ કરી કરોડો રૂપિયાની ખંડણી વસુલ કરવાનો પ્લાન બનાવેલ હોય પરંતુ તેઓની પાસે વાહન ન હોય જેથી

આરોપી આરીફ શેખ નાએ તેના કૌટુંબિક મામા મહમંદજાવેદ બાંધણીવાલા નાઓને તેની એસેન્ટ કાર સાથે વાપી બોલાવેલ હોય અને આરીફ શેખ તથા મહમંદફૈઝાન વાપી આવી કાર સાથે ત્રણેય ઇસમો મુંબઇ ગયેલા જ્યાંથી વાપી આવેલ અને હાઇવે ઉપરની આનંદ ઇન નામની હોટલમાં રૂમો રાખી રોકાયેલ જે દરમ્યાન મહમંદઅલ્તાફ મંસુરી સાથે વેપારી સઇદભાઇ શેખના ઘર તથા નવુ કન્ટ્રકશન થઇ રહેલ તે બલીઠા નજીક નેશનલ કન્ટેઇનર વે બ્રીજની બાજુના કોમ્પ્લેક્ષમાં સઇદભાઇની ઓફિસ આવેલ હોય જેની રેકી કરેલ હતી

સઇદભાઇની ઓફિસમાં લૂંટ કરવાનો તથા તેમનું અપહરણ કરવાનું હોય જેથી સઇદભાઇનું અપહરણ કર્યા બાદ તેમને રાખવા માટે મહારાષ્ટ્ર બોર્ડર પાસે આવેલ મનોહર રોડ બ્રીજ પાસે આવેલ એક ફાર્મ હાઉસની વ્યવસ્થા કરેલ હતી

લૂંટ તથા અપહરણ કરવાનું હોય અને તેમની પાસે કોઇ હથિયાર ન હોય જેથી આરીફ શેખ મધ્યપ્રદેશ સિંધવા પાસે રહેતા એક ઇસમ પાસેથી પિસ્ટલ તથા 5 કારતૂસ ખરીદ કરી લઇ આવેલ તેમજ લૂંટ તથા અપહરણ કરવા તેમની પાસે એક કાર અને ત્રણ માણસો જ હોય જેથી બીજી કાર અને માણસોની જરૂર હોય જેથી આરીફ શેખે તેની સાથે અગાઉ બાઉન્સર તરીકે કામ કરતા તેના મિત્ર રાજેશ ઉર્ફે રાજુ મહેશભાઇ રાઠોડ તથા વિક્કી જશુભાઇ જાડેજા નાઓને તા.5/7/2020 ના રોજ તેની કાર સાથે વાપી બોલાવેલ હતા જેઓ વાપી આવતા તેમને મહારાષ્ટ્ર બોર્ડર પાસે આવેલ મનોહર રોડ બ્રીજ પાસે આવેલ ફાર્મ હાઉસની જગ્યા બતાવેલ હતી સઇદભાઇની ઓફિસમાં લૂંટ કર્યા બાદ તેમનું અપહરણ કરી તે ફાર્મમાં બંધક બનાવીને રાખવાના હતા

વાપીની હોટલમાં લૂંટ તથા અપહરણ કરવા રોકાયેલ હતા પરંતુ વાપીમાં કોરોનાની મહામારીના કારણે લૂંટ તથા અપહરણ કરી શકાય તેમ ન હોય જેથી થોડા દિવસ પછી લૂંટ તથા અપહરણ કરવાનું નક્કી કરી તા.7/7/2020 ના રોજ અમદાવાદ પાછા આવી ગયેલ હતા.

અમદાવાદ આવ્યા બાદ વાપીમાં સઇદભાઇ શેખની ઓફિસમાં લૂંટ કરવા તથા તેમનું અપહરણ કરવા સારૂ ઉપરોકત તમામ માણસોએ નક્કી કરેલ અને નક્કી કર્યા મુજબ અગાઉ જે માણસોએ રેકી કરેલ હતી તે માણસો બન્ને કારોમાં હથિયારો સાથે લૂંટ કરવા તથા સઇદભાઇનું અપહરણ કરવા જઇ રહેલ તે દરમ્યાન પકડાઇ ગયેલ છે.

- આ કામે પકડાયેલ આરોપીઓ પ્રવૃતિઓ :

- આરોપી આરીફ શેખ અગાઉ ટીફીન સેવાનો વેપાર કરતો હતો તેમજ ડ્રાઇવીંગ તથા સિક્યુરીટીમાં બાઉન્સર તરીકે કામ કરતો હતો તેની પૂછપરછમાં જાણવા મળેલ છે કે ભુજના એક વ્યક્તિ સાથે મળી 3 થી 4 સોપારી ભરેલ ટ્રકો તથા 1 કાજુ ભરેલ આયશર ગુજરાતમાં લાવી બારોબાર વેચાણ કરાવી દિઘેલ છે.તેમજ જુનાગઢના એક ઇસમ સાથે મળી તેને મધ્યપ્રદેશ ખાતેથી ગેરકાયદેસરના હથિયારો અપાવેલ છે.જે સબંધે વિશેષ તપાસ ચાલુ રાખવામાં આવેલ છે.
- મહમંદફૈઝાન મેમણ દાણીલીમડા વિસ્તારમાં ખાલી બેરલ તથા ઓઇલનો વેપાર ધંધો કરે છે.

- મહમંદજાવેદ બાંધણીવાલા પોતાના ઘરે રંગાટીકામ કરે છે.
- રાજેશ ઉર્ફે રાજુ રાઠોડ ડ્રાઇવીંગનું કામ કરે છે.તેમજ અગાઉ સિક્યુરીટીમાં બાઉન્સર તરીકે કામ કરતો હતો.
- વિક્કી જશુભાઇ જાડેજા છુટક મજુરી કામ કરે છે.

➢ પકડાયેલ આરોપીઓનો પૂર્વ ઇતિહાસ :

  - આરોપી રાજેશ ઉર્ફે રાજુ મહેશભાઇ રાઠોડ સને -2018 માં સરખેજ પોલીસ સ્ટેશનમાં ઇંગ્લીશ દારૂની 96 પેટીના કેસમાં પકડાયેલ છે તેમજ સને -2019 માં રાણીપ પોલીસ સ્ટેશનમાં ઇંગ્લીશ દારૂની 9 પેટીના કેસમાં પકડાયેલ છે તેની વિરૂધ્ધમાં બે વખત પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.
  - આરોપી વિક્કી જશુભાઇ જાડેજા સને -2018 માં સરખેજ પોલીસ સ્ટેશનમાં ઇંગ્લીશ દારૂની 96 પેટીના કેસમાં પકડાયેલ છે તેની વિરૂધ્ધમાં એક વખત પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામે મળી આવેલ પાંચેય ઇસમોના કોવિડ -19 અંગેના ટેસ્ટ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જે ટેસ્ટ રિપોર્ટ આવેથી તેઓની ધરપકડ કરવા અંગેની આગળની કાર્યવાહી પોલીસ સબ ઇન્સ્પેકટર કે.એમ.બેરીયા નાઓ ચલાવી રહેલ છે.

## **ખાડીયા પોલીસ સ્ટેશન :-**

## **જુગાર સટ્ટાબેટીંગના સાધનો તથા રોકડા રૂપિયા ૨૧,૩૫૦/- તથા બે મોબાઇલ ફોન કિ.રૂ. ૨૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૨૩,૩૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી**

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા એ.સી.પી શ્રી "સી" ડીવીઝન સાહેબ નાઓએ દારૂ / જુગારના કેશો શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિનીયર પો.ઇન્સ.શ્રી એફ.એમ.નાયબ સાહેબ તથા પો.ઇન્સ.શ્રી એમ.એ.તળપદા સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.આઇ.મકરાણી તથા હે.કો. બાબુભાઇ હોથાભાઇ બ.નં.૮૮૪૧ તથા અ.હે.કો. ગણપતભાઇ અમરાભાઇ બ.નં.૩૬૦૩ તથા પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ બ.નં.૬૨૯૧ તથા પો.કો. ગોપાલભાઇ રમેશભાઇ બ.નં. ૯૫૦૨ તથા પો.કો. ખોડુભા કનુભા બ.નં. ૮૮૮૩ તથા પો.કો. દિનેશભાઇ હેમાજી બ.નં. ૧૨૫૫૭ નાઓએ કારંજ પોલીસ સ્ટેશનમાં પેટ્રોલીંગ દરમ્યાન મ્યુનિસિપલ કોઠા પાસે આવેલ જાહેર શૌચાલય પાસે જાહેરમાં એક ઇસમ નામે જનક S/O ધીરજલાલ મુકુંદરાય જાતે-માધુ (બ્રાહ્મણ) ઉ.વ.૪૯ ધંધો- છુટક મજુરી રહે, મ.નં.એચ/૫ રજનીગંધા ફ્લેટ જલતરંગ બસ સ્ટોપ પાસે વેજલપુર ગામ પાસે વેજલપુર અમદાવાદ શહેર નાઓને જુગાર સટ્ટાબેટીંગના સાધનો તથા રોકડા રૂપિયા ૨૧,૩૫૦/- તથા બે મોબાઇલ ફોન કિ.રૂ. ૨૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૨૩,૩૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી આજરોજ તા.૧૭/૦૭/૨૦૨૦ના કલાક ૧૮/૨૫ વાગે અટક કરી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૧૭/૦૭/૨૦૨૦



# પાસા આરોપીની અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ


મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશનની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓએ મે.પો.કમિસાશ્રીનાઓના તરફ આરોપી ભાઇલાલભાઇ ઉર્ફે સલીમ લંગડો ચંદુભાઇ ઓડ ઉં.વ.૨૬,રહે-ઓડવાસ,હાંસોલ ચોકીની સામે, સરદારનગર, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિશ્રીનાઓના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૪૯૨/૨૦૨૦ તા-૧૭/૦૭/૨૦૨૦ થી સદરી આરોપીને ખાસ જેલ સુરત ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીઓનું નામ : ભાઇલાલભાઇ ઉર્ફે સલીમ લંગડો ચંદુભાઇ ઓડ ઉં.વ.૨૬,રહે-ઓડવાસ,હાંસોલ ચોકીની સામે, સરદારનગર, અમદાવાદ શહેર

**આરોપી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ એરપોર્ટ પો.સ્ટે પ્રોહી.ગુ.ર નં- પાર્ટ C-11191046200842/2020** મુદ્દામાલ-જુદી જુદી બ્રાન્ડનો ભારતીય બનાવટના વિદેશીદારૂના જથ્થો બોટલ નંગ-૪૪૮, કુલ્લે કિં.રૂ.૧,૮૧,૯૪૦/-- ની મતાનો.

મુદ્દામાલ શોધી કાઢી કામગિરી કરનાર કર્મચારીઓ- પો.ઇન્સ કે.સી.રાઠવા, પો.સ.ઇ. જે.જે.ચૌધરી અ.હે.કો પુનમભાઇ છપ્પનભાઇ

પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી : પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫. અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ.



**એરપોર્ટ પોલીસ સ્ટેશન :-**

## ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશનની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓએ મે.પો.કમિસાશ્રીનાઓના તરફ આરોપી સીકંદરભાઇ ગુલાબભાઇ મીર ઉં.વ.૨૬ રહે-મણીબેન હોસ્પીટલ પાછળ,ધાનેરા તા.ધાનેરા, જી.બનાસકાંઠા

નાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિશ્રીનાઓના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૪૯૩/૨૦૨૦ તા-૧૭/૦૭/૨૦૨૦ થી સદરી આરોપીને ખાસ જેલ સુરત ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીઓનું નામ :** સીકંદરભાઇ ગુલાબભાઇ મીર ઉં.વ.૨૬ રહે-મણીબેન હોસ્પીટલ પાછળ,ધાનેરા તા.ધાનેરા, જી.બનાસકાંઠા આરોપી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ

એરપોર્ટ પો.સ્ટે પ્રોહી.ગુ.ર નં- પાર્ટ C-11191046200842/2020 મુદ્દામાલ-જુદી જુદી બ્રાન્ડનો ભારતીય બનાવટના વિદેશીદારૂના જથ્થો બોટલ નંગ-૪૪૮, કુલ્લે કિં.રૂ.૧,૮૧,૯૪૦/-- ની મતાનો.

મુદ્દામાલ શોધી કાઢી કામગિરી કરનાર કર્મચારીઓ- પો.ઇન્સ કે.સી.રાઠવા, પો.સ.ઇ. જે.જે.ચૌધરી અ.હે.કો પુનમભાઇ છપ્પનભાઇ

પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી : પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫. અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ.



## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૭.૦૭.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરીયાદીની બહેન ને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે નિકટતા કેળવી અવાર નવાર ફરીયાદીની બહેનની સાથે શરીર સબંધ બાંધી તેમજતેની સાથે લગ્ન નહી કરી અને ચહેરા ઉપર એસીડ નાખવાની ધમકી આપનાર તથા અન્ય કિસ્સામા પણ ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી લાકડી વડે ફરીયાદીના માથાના ભાગે ઈજા કરનાર માથાભારે ઈસમ નામે મોહનભાઈ જ્ઞાનેશ્વરભાઈ દંતાણી રહે.ચુનારાવાસ અમૃત વિધ્યાલય ની બાજુમા ઓઢવ અમદાવાદ શહેર તથા ગામ-ધમીજ તા.દહેગામ વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહનભાઈ જ્ઞાનેશ્વરભાઈ દંતાણી રહે.ચુનારાવાસ અમૃત વિધ્યાલય ની બાજુમા ઓઢવ અમદાવાદ શહેર તથા ગામ-ધમીજ તા.દહેગામ |

- અમદાવાદ શહેરના મણીનગર, ખોખરા તથા નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી ઝઘડો કરી બોજબોલના ધોકા વડે ફરીયાદીને માર મારનાર તેમજ ફરીયાદીની જગુઆર ગાડીના કાચ તોડી નુકશાન કરનાર તથા અન્ય કિસ્સામા ગે.કા.મડંળી રચી પોતાનો ઈરાદો પાર પાડવા સારુ ફરીયાદીની ઓફિસે આવી પૈસા બાબતે ઝઘડો કરી તેમજ ધારીયા તેમજ લાકડી થી પોતે તથા પોતાના સાગરિતો સાથે ફરીયાદી ને શરીરે માર મારી ઈજાઓ કરી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર તેમજ અન્ય કિસ્સામા પોતાના સાગરિતો સાથે વગર પાસ પરમીટનો દેશી બનાવટનો તમંચો તથા કારતુસ લાવી વગર લાયસંસ ગુનાહિત ઈરાદે પોતાની પાસે રાખનાર માથાભારે ઈસમ નામે રાહુલ બ્રીજમોહન ચૌહાણ રહે.૩૪ ઉતમનગર સોસાયટી શિવાલીક હોસ્પીટલની બાજુમા વિરાટનગર નિકોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ ઉરેગ તા.ભરથના જિ.ઈટાવા ફતેવર

ઉતરપ્રદેશ  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાહુલ બ્રીજમોહન ચૌહાણ રહે.૩૪ ઉતમનગર સોસાયટી શિવાલીક હોસ્પીટલની બાજુમા વિરાટનગર નિકોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ ઉરેગ તા.ભરથના જિ.ઈટાવા ફતેવર ઉતરપ્રદેશ |

- આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી રગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો મળી **કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૩/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૪૯૨ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૭,૯૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૪/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૫/૨૦૨૦</u>**

**શહેરકોટડાઃ** જાવેદભાઇ અબ્દુલરજાક મેમણ (રહે. અકીરા હાઇટ્સ ટી.પી.૮૫ રોડ સરખેજ) એ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ થી તા.૧૩/૦૭/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા ફ્રુટ માર્કેટ ખાતે આવેલ દુકાન નં-૨૩ ના ઓફીસનો કાચ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી સોની કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૧૭,૦૦૦/-, ડેલ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૨૩,૦૦૦/-, સી ગાર્ડ કંપનીની હાર્ડ ડ્રાઇવ કિમત રૂપિયા ૩૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૪,૦૦૦/-, તથા અલગ-અલગ કંપનીના મોબાઇલ ચાર્જર કિમત રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૮,૦૦૦/- તેમજ જરૂરી કાગળો સાથેની બેગ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૬/૨૦૨૦</u>**

**કાગડાપીઠઃ** મુકેશભાઇ ખુશાલભાઇ પરમાર (ઉ.વ.૪૫) (રહે. વિજયનગર જોગણી માતાના મંદીર પાસે મજુરગામ) એ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન સરદારજી જેવો બે પુરૂષો મુકેશ્ભાઈ પરમારના ઘરે કબાટનુ લોક રીપેર કરવા બોલાવેલ. આ પુરૂષોએ દરવાજો લોક રીપેર કરતી વખતે મુકેશભાઈને તેલ,રૂ, તથા ચાવીઓ લેવા મોકલી મુકેશભાઈની નજર ચુકવી કબાટની અંદર બીજા ખાનામા રહેલ સોનાના અલગ-અલગ દાગીના કિમત રૂપિયા ૧,૫૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૮,૦૦૦/- ચોરી કરી કબાટ કાલે રીપેર કરવા આવવાનુ જણાવી જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૭/૨૦૨૦</u>**

**સરખેજઃ** ચંદ્રકાંત જયંતીભાઈ જોગદીયા (ઉ.વ.૨૭) (રહે. નવી ફતેવાડી આઝાદનગર આનંદ આશ્રમ આગળ ધોળકા રોડ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.આસનાની ચલાવે છે.

**પાલડીઃ** સ્મીત પ્રદીપભાઇ શાહ (ઉ.વ.૨૮) (રહે. મંગલતીર્થ બીલ્ડીંગ ધરણીધર ચાર રસ્તા પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી રાતના ૮૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર દીનેશભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** નરેશભાઈ નાથાભાઈ સોલંકી (ઉ.વ.૩૩) (રહે. તક્ષશિલા મ્યુ.કવાટર્સ મહેશ્વરી ચાર રસ્તા પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**બાપુનગરઃ** કાજલબહેન વા/ઓ રાજેશભાઇ સુરાણી (ઉ.વ.૩૨) (રહે. મનહરનગર વિભાગ-૨ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૦ સાજના ૬/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** નયનાબહેન વા/ઓ પિયુભાઈ દેસાઈ (ઉ.વ.૪૩) (રહે. ગોકુલ ગોલ્ડ ઈન્દ્રપુરી ટાઉનશીપ જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૦ સાજના ૫/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**રામોલઃ** દિનેશભાઇ ઉર્ફે લાલો જીવાભાઇ ભરવાડ (ઉ.વ.૩૦) (રહે. ભરવાડ વાસ સિંધવાઇ ગામ સી.ટી.એમ. રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગ્યા પહેલા ધોડાસર આવકાર હોલ પાસે આવેલ કેનાલમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી